ગાંધીનગરની યુવતીને છાસવારે રસ્તામાં આંતરી છેડતી કરતાં રોમિયો વિરુદ્ધ ગુનો નોંધાયો

ગાંધીનગર

ગાંધીનગરનાં સેક્ટર - ૨૨માં રહી અમદાવાદમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી યુવતીનાં એકતરફી પ્રેમમાં પાગલ થઈ ગયેલો યુવાન છાસવારે પીછો કરીને તમે મને બહુ ગમો છો, મારે તમારી સાથે ફ્રેન્ડશીપ કરવી છે કહીને છેડતી કરવામાં કરવામાં આવતી રહેતી હતી. આખરે પાંચ મહિનાથી રોમિયોનો ત્રાસ સહન કરતી યુવતીએ સેક્ટર - ૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગાંધીનગરના સેક્ટર - ૨૨ ખાતે રહેતી ૨૦ વર્ષીય યુવતી અમદાવાદ સોલામાં આવેલી કૉલેજમાં મ્રીજર એન્જિનિયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. આજથી આશરે પાંચ માસ અગાઉ સાંજના આશરે છ વાગે યુવતી એક્ટીવા લઇ તેના નાના ભાઇને કરાટે ક્લાસમાંથી લેવા માટે સેક્ટર-૨૪ માં જતી હતી.એ વખતે આશરે ૨૦ થી ૨૫ વર્ષીય યુવક બુલેટ લઈને એક્ટિવાનો પીછો કરતો હતો. અને અચાનક એક્ટિવાની બાજુમાં જઈને એક્ટિવા ઊભું રખાવ્યું હતું. બાદમાં યુવતી ને સીધું જ ફ્રેન્ડશીપ માટે પ્રપોઝ કરી ઈન્સ્ટાગ્રામનુ આઈડી માંગ્યું હતું. જેથી યુવતીએ અજાણ્યા યુવકને ઘસીને ના પાડી ત્યાંથી નીકળી ગઈ હતી. ત્યારબાદ એક તરફી પ્રેમમાં પાગલ યુવાન અવારનવાર યુવતીનો પીછો કરી ઘર તરફ પણ આંટા ફેરા માર્યા કરતો હતો. ત્યારે ગત તા. ૭ મી ફેબ્રુઆરીએ રાતના સાડા સાતેક વાગે યુવતી ચાલતી ચાલતી પંચદેવ મંદિરે દર્શન કરી ઘરે પરત જઈ રહી હતી.

એ વખતે રોમિયો તેનો પીછો કરવા લાગ્યો હતો. આથી યુવતીએ ફોન કરીને તેના પિતાને જાણ કરતા તેઓ સામે લેવા માટે નીકળ્યા હતા. ત્યારે સેક્ટર - ૨૨ શોપિંગ સેન્ટર પુનિત એમ્પોરીયમ નજીક બુલેટ (જ્ન૧૮ઝન૪૭૩૦) પડયું હતું. પણ યુવાન જોવા મળ્યો ન હતો. આથી યુવતી તેના ઘર તરફ જવા નીકળી હતી. ત્યારે રોમિયો તેણીના ઘર તરફના કાચા રસ્તામાં અંધારામાં ઊભો હતો. અને અચાનક જોડે જઈને યુવતીનો હાથ પકડવાની કોશિશ કરી કહેવા લાગેલો કે "તમે મને બહુ ગમો છો મારે તમારી સાથે ફ્રેન્ડશીપ કરવી છે.

જેથી યુવતીએ બુમો પાડતા તેણીના માતા-પિતા દોડીને આવી ગયા હતા. અને યુવકને પકડી લીધો હતો. જેની નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ રાકેશ મકવાણા (રહે સેકટર - ૩) હોવાનું કહી ત્યાંથી ભાગી હતો. જે મામલે સેક્ટર - ૨૧ પોલીસ મથકમાં અરજી પણ આપવામાં આવી હતી. છતાં બેફામ બનેલો રોમિયો હેરાન પરેશાન કરતો રહેતો હોવાથી આખરે કંટાળીને યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના – ૨૦૨૪ સુધીમાં જરૂરીયાતમંદને પોતાના સ્વપ્નનું ઘર પુરૂ પાડવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક : ઋષિકેશ પટેલ

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) તા.૨૦મી નવેમ્બર ૨૦૧૬થી અમલમાં મુકવામાં આવી છે. આ પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ-૨૦૨૪ સુધીમાં ઘર વિહોણા અને કાચા આવાસ ધરાવતા એક પણ જરૂરીયાતમંદ કુટુંબો પોતાના સ્વપ્નનું ઘર વિના ન રહે તેવો ગુજરાત સરકારનો લક્ષ્યાંક છે. જેના ભાગરૂપે આ યોજના અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૧,૪૨,૧૮૬ આવાસોને મંજુરી આપી દેવામાં આવી છે. ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અંબાજી ખાતે ૧૫,૦૦૦ આવાસોનું, વડોદરા ખાતે એક લાખ આવાસોનું તેમજ દાહોદ મુકામે ૯,૮૦૦ એમ કુલ ૧,૨૪,૮૦૦ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ છે.

પ્રવક્તા મંત્રીએ ઉમેર્યુ કે, આ યોજના અંતર્ગત પ્રથમ હપ્તાના રૂ. ૩૦ હજાર પેટે ૫૬,૩૫૮ લાભાર્થીઓના ખાતામાં ૭.મ્. ના માધ્યમથી કુલ રૂ.૧૬૯ કરોડથી વધુ ટ્રાન્સફર કરવા માટેની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત આ યોજના અંતર્ગત છ માસમાં આવાસ બનાવીને પૂર્ણ કરી દેનાર કુલ ૨૨,૫૦૦ લાભાર્થીઓને મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના હેઠળ રૂ. ૨૦ હજારની સહાય પેટે કુલ રૂ. ૪૫ કરોડ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવ્યા છે. એટલુ જ નહિ, રાજ્ય સરકારની મુખ્યમંત્રી બાથરૂમ બાંધકામ માટે લાભાર્થી દીઠ રૂ. ૫ હજારની અતિરીક્ત સહાય આપવામાં આવી છે. જે અંતર્ગત કુલ ૩૧,૩૮૫ લાભાર્થીઓને રૂ. ૧૫.૬૯ કરોડ લાભાર્થીઓના બેંક ખાતામાં સીધા જમા કરવામાં આવ્યા છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ કે, કેન્દ્ર સરકાર દ્વારા તા.૧૯ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૧,૮૪,૬૦૫ આવાસનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકની સામે અત્યાર સુધીમાં કુલ ૧,૪૨,૧૮૬ આવાસોને મંજુરી આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૨૩ના મે મહિના સુધીમાં આ તમામ આવાસોનું ખાતમુહુર્ત કરી પ્લીન્થ લેવલ સુધી પહોંચે તે પ્રકારનું આયોજન છે.

ડ્રગ્સ સાથે જોડાયેલી એક મામલામાં સંજીવ ભટ્ટની અરજીને સુપ્રીમ કોર્ટે બેમતલબની ગણાવી ફગાવી, ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો

નવીદિલ્હી, ડ્રગ્સથી જોડાયેલા એક મામલામાં પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને ગુજરાત હાઈકોર્ટનો તે નિર્ણય પસંદ આવ્યો નહીં જેમાં ટ્રાયલ તાકિદે પુરી કરવાની વાત કહેવામાં આવી હતી.ભટ્ટે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવી હાઈકોર્ટના નિર્ણય પર વાંધો ઉઠાવ્યો પરંતુ સુપ્રીમ કોર્ટથી તેમને આંચકો લાગ્યો. ન્યાયમૂર્તિ બી આર ગવઇ અને ન્યાયમૂર્તિ અરવિંદ કુમારની બેંચે સંજીવ ભટ્ટની અરજીને બેમતલબની ગણાવતા કહ્યું કે સામાન્ય રીતે આરોપી પોતાના મામલાને તાકિદે સાંભળવાની દરખાસ્ત કરતા જોવા મળ્યા છે પરંતુ પૂર્વ આઈપીએસ ઉલ્ટી ધારા વહેવડાવી રહ્યાં છે.તે ઇચ્છે છે કે ગુજરાત હાઈકોર્ટે તેમના મામલામાં ટ્રાયલ તાકિદે પુરી કરવાનો જે નિર્ણય આપ્યો છે અમે તેમની વિરૂધ્ધ આદેશ પસાર કરીએ આ સમજથી પર છે.બેંચે સંજીવ ભટ્ટ ઉપર ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ લગાવ્યો.સુપ્રીમ કોર્ટનું કહેવુ હતું કે પૂર્વ આઈપીએસના આ પૈસા ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીની પાસે જમા કરાવવો પડશે. એ યાદ રહે કે આ મામલામાં ૧૯૯૬નો છે.સંજીવ ભટ્ટ તે સમયે બનાસકાંઠાના એસપી હતી.પોલીસે રાજસ્થાનના એક વ્યક્તિ સમરસિંહ રાજપુરોહિતની પાલનપુરની હોટલમાંથી ધરપકડ કરી હતી પોલીસનું કહેવુ હતું કે તેની પાસેથી ડ્રગ્સ કબજે કરવામાં આવ્યું છે પરંતુ રાજસ્થાન પોલીસે તેનો સખ્ત વિરોધ કર્યો હતો તેમનું કહેવુ હતું કે રાજસ્થાનના પાલીમાં એક વિવાદિત જમીનને ટ્રાંસફર ન કરવા પર સમરસિંહને ગુજરાત પોલીસે ફસાવ્યો.પૂર્વ ઈસ્પેકટર આઇ બી વ્યાસે ૧૯૯૯માં ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી તેમનું કહેવુ હતું કે મામલાની નિષ્પક્ષ તપાસ થાય. ગુજરાત હાઈકોર્ટે મામલાની તપાસ જુન ૨૦૧૮માં સીઆઇડી હવાલે કરી હતી સપ્ટેમ્બરમાં ભટ્ટની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ સીબીઆઇએ વ્યાસ અને સંજીવ ભટ્ટની વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટને આપેલા આદેશમાં કહ્યું હતું કે સુનાવણી નવ મહીનાં પુરી કરી લેવામાં આવે ૨૦૨૨માં હાઈકોર્ટે લોઅર કોર્ટને સુનાવણી પુરી કરવા માટે કેટલોક વધારાનો સમય પણ આપ્યો હતો.

સંજય રાઉતે ફડણવીસને પત્ર લખી કર્યો દાવો, 'શિંદેના પુત્રએ મને મારવા માટે સોપારી આપી'

મહારાષ્ટ્રના શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના નેતા સંજય રાઉતે કહ્યું છે કે, સીએમ એકનાથ શિંદેના પુત્રએ તેમની હત્યાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. સાંસદ સંજય રાઉતે દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખ્યો છે. તેણે કહ્યું કે, તેનો જીવ જોખમમાં છે. પત્રમાં લખ્યું છે કે, તેને માહિતી મળી છે કે થાણેનો એક મોટો ગુંડો રાજ ઠાકુર અને તેની ગેંગ તેને મારવા માંગે છે. આ મામલે ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, તેમને (સંજય રાઉત)ને સુરક્ષાની જરૂર છે કે, તેઓને ધમકીઓ મળી છે, તે પહેલા જાણવાની જરૂર છે. ફડણવીસે કહ્યું કે, મેં તેમનો પત્ર રાજ્યની ગુપ્તચર સંસ્થાને મોકલ્યો છે, તેમની ધમકીની ધારણા કેટલી છે, તે રિપોર્ટ તૈયાર થશે, પછી ડીજી નક્કી કરશે કે, સુરક્ષા આપવી કે નહીં. રોજ નવી સનસની ફેલાવવાથી કંઈ થતું નથી. જો રાજ્યમાં કોઈના જીવને ખતરો છે, તો અમારી સરકાર તેમને સુરક્ષા આપશે, પરંતુ ઓહાપો ન ફેલાવો. સંજય રાઉતે પણ આવો જ પત્ર મુંબઈ પોલીસ કમિશનર અને થાણે સિટી પોલીસ ઓફિસરને મોકલ્યો છે.

તેણે લખ્યું છે કે, મેં તેની પુષ્ટિ કરી છે. હું એક જવાબદાર નાગરિક તરીકે તમને જાણ કરું છું. શિંદેના જૂથના ધારાસભ્ય સંજય શિરસાટે કહ્યું કે, સંજય રાઉત સસ્તી રણનીતિ અપનાવી રહ્યા છે. તેમના આરોપોને કોઈ સત્ય

મહેસાણામાં વેરો વધારવાના મુદ્દે વિપક્ષે કાળા કપડા પહેરી વિરોધ નોંધાવ્યો

મહેસાણા, મહેસાણા નગરપાલિકાની ખાસ બજેટની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ૨૨૬ કરોડની આવક સામે ૨૨૫ કરોડ ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો હતો. વર્ષની આખરમાં ૭૮.૯૬ લાખની પુરાત વાળું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, તો બીજી તરફ બજેટમાં ૧૮ વર્ષ બાદ વેરો વધારવા નિર્ણય લેવાતા વેરો વધારવાના મુદ્દે વિપક્ષ એ પાલિકામાં હોબાળો મચાવ્યો હતો. મહેસાણા પાલિકા દ્વારા ૧૮ વર્ષ બાદ વેરો વધારવાના નિર્ણય લેવાતા વિપક્ષ કાળા પકડાયા

E-AUCTION NOTICE
FIRE DAMAGED MACHINERY & BUILDING ITEMS FOR SALE

Online bids are invited for sale of damaged plant & machinery and building items, weighing about 20418 Kg., on per Metric ton (MT) for "Lumpsum Whole Lot Basis" on "AS IS WHERE IS BASIS", belonging of M/s Surya Remedies Private Limited, which are lying at Plot No. 1101, GIDC Industrial Estate, Ankleshwar, Distt. Bharuch, Gujarat- 393002. Bids can be done at portal https://www.indiaengineering.com/multibid after submitting the earnest money Demand Draft of Rs. 2,00,000/- (Rs. Two Lakh Only), in favour of M/s Surya Remedies Private Limited, payable at Gujarat, on or before 5.00 P.M. on 13.03.2023 at the address given below. The E-Auction will be conducted from 03:00 PM onwards on 14.03.2023. Details of items and their location and its Terms & Conditions of E-Auction can be obtained at free of cost, which are available at site and the following address:

A) M/s Synise Technologies Ltd., 14th Floor, Antriksha Bhawan, 22, Kasturba Gandhi Marg, New Delhi-01.
Contact for Registration & participation in E-Auction: Mr. Lalit /Ashish 9773836114/9811907274 E-mail : lalitl@synise.com
B) Rohit Kumar & Co., Insurance Surveyors, UB-12, Indra Prakash, Barakhamba Road, New Delhi – 110001. Mobile Nos. : 09871904532, 09810109369 e-mail : rohits4@gmail.com
C) At Site : Mobile No. 7600789838, 8200805897

શ્રીરામ હાઉસિંગ ફાયાનાન્સ લીમીટેડ

SHRIRAM HOUSING FINANCE
રજીસ્ટર્ડ ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ - ૬૦૦૦૦૧. મુખ્ય ઓફિસ : લેવલ-૧, વૉકહાર્ડટ ટાવર્સ, ઈસ્ટ વિંગ, સી-૨, જી બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ -૪૦૦૦૫૧. વેબસાઇટ : www.shriramhousing.in

પ્રતિકાત્મક કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ (એસએચએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા)સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને, જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.
દેવાદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)ની પેટા કલમ ૮ મુજબ ૨૩-૨-૨૦૨૩ના રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો મેળવી લીધો છે.
કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.
કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે. તે માટે કરજદારોને આમંત્રીત કરવામાં આવે છે.

દેવાદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ મુજબ લેણાં રકમ	મિલકતનું વિવરણ
૧. રાજીવ રામશંકર ગિરિ ૨. કિરણ રાજીવ ગિરિ સરનામું : ૪૯, અમર નગર, નવા યાર્ડ રોડ, છાની જકાત નાકા, દીપ મલ્ટિપ્લેક્ષ પાસે, છાની રોડ, વડોદરા - ૩૯૦૦૦૨. વ્યવસાયનું સરનામું : શ્રી લક્ષ્મી સેલ એજન્સી, શોપ નં. ૨૧, ગ્રાઉન્ડ ફ્લોર, ચિત્રકુટ કોમ્પલેક્ષ, છાની કેનાલ પાસે, છાની, વડોદરા - ૩૯૦૦૦૨. મિલકતનું સરનામું : પ્લોટ નં.૧૦૦, ગોકુલધામ રેસિડેન્સી -૨, પોદાર વર્લ્ડ સ્કૂલ પાસે, કોયલી ઉંદેરા રોડ, કોયલી, વડોદરા -૩૯૧૩૩૦.	૦૬/૧૨/૨૦૨૨ ના રોજ લોન ખાતાનંબરના સંદર્ભમાં : SBTHVDDR 0000344 રૂા. ૧૩,૮૯,૮૩૪/- (રૂપિયા તેર લાખ, નેવ્યાસી હજાર, આઠસોને ચોત્રીસ પુરા) અને ૦૬/૧૨/૨૦૨૨ ના રોજ લોન ખાતાનંબરના સંદર્ભમાં : STUHVDDR 0000345 રૂા. ૧૫,૬૧,૫૮૧/- (રૂપિયા પંદર લાખ, એકસઠ હજાર, પાંચસોને એકયાસી પુરા) આગળના અન્ય ચાર્જિસ, ખર્ચાઓ સાથે નોટીસ મલ્યાના ૬૦ દિવસની અંદર ૧૩(૨) નોટીસ તારીખ ૧૫/૧૨/૨૦૨૨	મોજે-કોયલી, વડોદરા ખાતે બિન ખેતિલાયક જમીન પ્લોટ,જે જમીન ઉપર આવેલ છે તે જમીન બેરિંગ આર.એસ. નં.૬૭૧/૧, ૬૭૧/૨, અને ૬૭૦ જે ગોકુલધામ રેસિડેન્સી તરીકે જાણીતી છે. સબપ્લોટ નં.૧૦૦, પ્લોટ એરિયા માપણી ૯૧.૪૬ સ્કે.મી., ૪૦.૧૫ સ્કે.મી. જેટલો કોમન રોડનો બિન વહેંચાયેલો ભાગ, ૧૪.૯૪ સ્કે.મી. જેટલો કોમન પ્લોટનો બિન વહેંચાયેલો ભાગ, કુલ માપણી ૧૪૬.૫૫ સ્કે.મી. મોજે-કોયલી, નોંધણી જીલ્લો અને સબજીલ્લો વડોદરા, જી.વડોદરા. મિલકત સિમાબદ્ધ : ઉત્તરમાં : યુનિટ નં.૯૯ દક્ષિણમાં : યુનિટ નં.૧૦૧ પૂર્વમાં : આર.એસ.નં.૬૭૧ પૈકી પશ્ચિમમાં : ૯ મીટર સોસાયટી રોડ

સ્થળ : વડોદરા
તારીખ : ૨૩/૦૨/૨૦૨૩
સહી/- અધિકૃત અધિકારી
શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લી.

જીવવું હશે તો ધરતીનું સાંભળવું પડશે!

ખબર નહીં ક્યારથી આ ધરતી તમામ પ્રાણીઓ, જીવજંતુઓ, વનસ્પતિઓ વગેરે માટે આધાર બનીને જીવન અને ભરણપોષણનો ભાર વહન કરતી આવી છે. ક્યારેક મનુષ્ય પણ પોતાને કોઈ વિશિષ્ટ પ્રાણી નહીં માનતાં પ્રકૃતિનું અંગ સમજતો હતો. મનુષ્યની સ્થિતિ શેષ પ્રકૃતિના અવયવોના એક સહચર રૂપે હતી. મનુષ્યએ પ્રકૃતિનાં રહસ્યોએ આકર્ષ્યા અને અગ્નિ, વાયુ વગેરેમાં દેવત્વની પ્રતિષ્ઠા થવા લાગી અને તે પૂજ્ય અને પવિત્ર માનવામાં આવ્યા. પ્રકૃતિ પ્રત્યે આદર અને સન્માનનો ભાવ રાખતાં, તેના પ્રત્ય કૃતજ્ઞતાનો ભાવ રાખવામાં આવ્યો. તેના ઉપયોગને સીમિત અને નિયંત્રિત કરતાં ત્યાગપૂર્વક ભોગની નીતિ અપનાવવામાં આવી, પરંતુ ધીમે-ધીમે બુદ્ધિ, સ્મૃતિ અને ભાષાના વિકાસ અને પોતાના કાર્યોના પરિણામોથી ચમત્કૃત થતા મનુષ્યની દૃષ્ટિમાં બદલાવ શરૂ થયો. પ્રકૃતિની શક્તિના ભેદ ખુલવાની સાથે મનુષ્ય ખુદને શક્તિવાન માનવા લાગ્યો. પ્રકૃતિનાં સંસાધનો પ્રગટ થવાની સાથે જ દૃશ્ય બદલાવા લાગ્યું અને મનુષ્યએ તેનું દોહન શર કરી દીધું. ઉદ્યોગીકરણ, આધુનિકીકરણ અને વિજ્ઞાન તથા ટેક્નોલોજીના વિકાસ સાથે મનુષ્ય અને પ્રકૃતિના સંબંધોમાં ઉલટફેર થવાનું શરૂ થયું. પ્રકૃતિને નિયંત્રિત કરવી અને તેને પોતાના નિહિત ઉદ્દેશ્યોની પૂર્તિનું સાધન માનવી સ્વાભાવિક મનાવા લાગ્યું. બુદ્ધિ-વૈભવ વધવાની સાથે પોતાની ઉપલબ્ધિ પર ગર્વ કરતા મનુષ્યે પોતાને સ્વામી અને પ્રકૃતિને નોકરનો દરજ્જો આપવો શરૂ કર્યો.

પ્રકૃતિમાં ઉપલબ્ધ કોલસો, પેટ્રોલિયમ પદાર્થો અને વિભિન્ન ગેસોએ ઊર્જાના એવા સ્રોત પ્રદાન કર્યા કે મનુષ્યને જાણે પાંખો આવી ગઈ. તેની લોભવૃત્તિએ છલાંગ લગાવવી શરૂ કરી દીધી અને પ્રકૃતિના શોષણની ગતિ નિરંતર વધતી ગઈ. પહેલાં મોટા દેશોએ શોષણનો રસ્તો દેખાડ્યો અને તેમને વિકસિત કહેવાનું શરૂ થયું. પછી નાના દેશોએ પણ તેનું અનુસરણ કર્યું. એમ માનીને કે પ્રકૃતિ નિર્જીવ, અનંત અને અપરિમિત છે, મનુષ્યએ પ્રાકૃતિક સંસાધનોને હડપવાનું અભિયાન ચલાવ્યું, જે તીવ્ર થતું ગયું અને ત્યાં સુધી કે તેણે હિંસાત્મક રૂપ લઈ લીધું. એ હંમેશાં ભૂલાવી દેવાય છે કે પ્રકૃતિ જીવંત છે અને બ્રહ્માંડની સમગ્ર વ્યવસ્થામાં ધરતીની આ અર્થમાં ખાસ ઉપસ્થિતિ છે કે ફક્ત અહીં જ જીવનની સત્તા છે. આ ધરતીની સીમા છે. તેનો વિકલ્પ નથી. આજે આપણે જે દોરમાં પહોંચી રહ્યા છીએ, તેમાં પૃથ્વીને પવિત્ર અને પૂજ્ય નહિ માનીને ઉપભોગ્ય માનવામાં આવે છે. આજે સ્વાર્થની આંધીમાં જેને જે પણ મળી રહ્યું છે, તેના પર પોતાનો અધિકાર જમાવી રહ્યું છે. વિકાસના નામે પર્વત, વન, ઘાટી, પઠાર, રણ, સરોવર, તળાવ, નદી અને સમુદ્ર જેવી ભૌતિક સંરચનાઓને ધ્વસ્ત કરતાં મનુષ્યના હસ્તક્ષેપ પર્યાવરણના સંતુલનને વારંવાર ખોરવી રહ્યા છે. આ પ્રવૃત્તિ ઘોર અસંતુલન પેદા કરી રહી છે, જેને પરિણામે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તોફાન, ભૂસ્ખલન, પૂર વગેરે પ્રાકૃતિક આપદાઓ રૂપે દેખાય છે. મનુષ્યની દખલને કારણે જૈવ વિવિધતા ઘટી રહી છે અને ઘણા જીવ-જંતુઓની પ્રજાતિઓ વિલુપ્ત થઈ ચૂકી છે. આપણા હવામાનનો ક્રમ પલટાઈ રહ્યો છે. ગરમી, ઠંડી અને વરસાદની અવધિ બદલાતી રહે છે, જેની અસર ખેતી, સ્વાસ્થ્ય અને જીવન ક્રમ પર પડી રહી છે. વૈશ્વિક રિપોર્ટો ગ્લેશિયર પીગળવા અને સમુદ્રના જળસ્તર ઉપર ઉઠવાના ઘાતક પરિણામોની જાણકારી આપી રહી છે. જો આ જ ક્રમ બની રહેશે તો કેટલાય દેશોના નગર જ નહીં, કેટલાય દેશો પણ ડૂબી જશે. પ્રગતિ માટે કરાતા આપણા કારનામાથી એવા ગેસોનું ઉત્સર્જન ખતરનાક સ્તર પર પહોંચી રહ્યું છે, જે વાયુમંડળને ખરાબ રીતે પ્રભાવિત કરી રહ્યું છે. ધરતીનાં સંસાધનોના દોહનનો હિસાબ લગાવીએ તો ભેદ એટલો છે કે જો જર્મની અને અમેરિકાની જેમ તમામ દેશ ઉપભોગ કરવા લાગે તો એક ધરતી ઓછી પડે.

પ્રકૃતિના તમામ અંગોમાં પરસ્પર નિર્ભરતા અને પૂરકતા હોય છે, પરંતુ આપણે તેની અવગણના કરીએ છીએ. આ ઉપેક્ષાવૃત્તિનાં કેટલાંય કારણો છે.

કારચાલકે નેહરુબ્રિજથી લકી ટી સ્ટોલ સુધી કાર ચલાવી સ્ટંટ કયા

અમદાવાદ, અમદાવાદના સિંધુભવન એસપી રિંગ રોડ કે અન્ય પોશ વિસ્તારમાં સ્ટંટ થાય એવા અનેક વીડિયો સામે આવ્યા છે. આવા સ્ટંટનાં દૃશ્યને લોકોએ નજર સામે જોયાં છે. ત્યારે શહેરના વધુ એક પોશ વિસ્તારમાં જેંફ કારના સ્ટંટનો વીડિયો વાઈરલ થયો છે, જેમાં નેહરુનગરથી છેક લકી ટી સ્ટોલ સુધી જેંફ કારને સર્પાકાર ચલાવીને લોકોમાં રાતના સમયે ભય પેદા કર્યો હતો. એટલું જ નહીં, લોકોમાં ભય અને જીવનું જોખમ ઊભું કર્યું હતું. આ વખતે અમદાવાદના નેહરુબ્રિજથી લકી ટી સ્ટોલ તરફ એક જેંફ કાર જાય છે, જે સર્પાકાર વાહન ચલાવી રહ્યો છે. એ વીડિયો કોઈ વ્યક્તિએ ઉતારી લીધો છે અને હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ સમગ્ર મામલે ધ્યાન પર આવતાં પોલીસે આ કારચાલકને શોધવા માટે પ્રયાસો હાથ ધર્યા છે. જ્યારે આ સંદર્ભે ગુનો નોંધવા માટે પણ સૂચના આપી હોવાની વિગતો જાણવા મળી રહી છે. થોડા સમય પહેલાં અમદાવાદના સિંધુભવન રોડ પર કેટલાક વાહનચાલકો ફિલ્મી સ્ટાઈલે વાહનો ચલાવતા હતા, એ દૃશ્યો સામે આવ્યા બાદ પોલીસે તેમની ધરપકડ કરીને કાર્યવાહી પણ કરી હતી. હવે આવા ચોંકાવનારાં દૃશ્ય ફરી એક વખત સામે આવ્યાં છે, પરંતુ આ વખતે જગ્યા સિંધુભવન નહીં, પણ નેહરુબ્રિજથી લાલ દરવાજા તરફ અને લકી હોટલ તરફ જતા રસ્તા પરનાં આ દૃશ્યો છે.

ICICI Home Finance
કોર્પોરેટ ઓફિસ: આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી – કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ) મુંબઈ –૪૦૦૦૫૯, ભારત
શાખા ઓફિસ: ચોથો માળ, ક્રિષ્ણ કેપિટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત –૩૬૨૦૦૧

(કાયદા નં.૮(૬)ની જોગવાઈ જુઓ)
સ્થાયી મિલકતના વેચાણ માટે નોટિસ

સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા તે હેઠળ સ્થાયી મિલકતોના વેચાણ માટે ઈ–નિલામી નોટિસ જાહેર જનતા તથા નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને આપવામાં આવી છે. આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.(સુરક્ષિત લેણદાર) ના સત્તાવાર અધિકારી દ્વારા ગિરી મુકેલી મિલકતોનો કબજો લેવામાં આવેલ છે, આ સ્થાયી ગિરો મિલકતોની વિગતો નીચે જણાવવામાં આવી છે. આ સ્થાયી ગિરોમિલકતો, જે છે જ્યાં છે, જે છે જેવી છે અને જે કંઈ પણ આધાર છે અને કોઈ પણ આધાર વગર નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારોનું / સહ દેવાદારોનું / જામીનદારોનું /કાયદાકિય વારસદારોનું નામ અને લોન ખાતા નંબર	જામીન મુકેલ મિલકતોની વિગતો અને જાણીતા બોજા સાથે, જો હોય તો	બાકી લેણાં રકમ(રૂા)	અનામત કિંમત બાનાની થાપણ કિંમત	મિલકત નિરિક્ષણની તારીખ અને સમય	ઈ–નિલામિની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧	યોગેશ પ્રવિણભાઈ ભેસાનિયા (દેવાદાર) ચંદ્રીકાબેન વી. ભેસાનિયા (સહદેવાદાર) રસિલાબેન પી. ભેસાનિયા (સહદેવાદાર) પ્રવિણભાઈ બી. ભેસાનિયા (સહદેવાદાર) લોન ખાતા નં. NHJGH0000 1264580 & NHJGH0000 1264581	પ્લોટ નં.૭૩ અને ૭૬, અમરધામ સોસાયટી, માધવ સ્કૂલ પાસે, જુનાગઢ રોડ, ભેસન આર.એસ.નં.૨૮૪ ૩એ પી ૨ જુનાગઢ -૩૬૨૦૨૦	રૂા.૧,૬૩,૪૪, ૨૬૨.૦૦/- ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૩	રૂા.૯૫,૧૮, ૯૬૦/- / રૂા. ૯,૫૧, ૮૯૬/-	માર્ચ ૨૪, ૨૦૨૩ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાક સુધી	માર્ચ ૨૯, ૨૦૨૩ના રોજ બપોરના ૨-૦૦ ક્લાકેથી ૩-૦૦ ક્લાક સુધી

ઈ-નિલામી ગ્લોબટેક નામની ઓકશન એજન્સી દ્વારા તેમની વેબસાઈટ (URL Link : https://BestAuctionDeal.com) ઉપર યોજવામાં આવશે. ગીરવેદારોને સુચિત કરી સંપૂર્ણ બાકી લેણાં રકમ આગળના વ્યાજ સહિત તા.માર્ચ ૨૮,૨૦૨૩ના રોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં ચુકતે કરી જવા આખરી તક આપવામાં આવે છે. અન્યથા ગીરો મિલકતોને ઉપર મુજબ વેચાણ કરવામાં આવશે.
પ્રસ્તાવિત બિડરોએ બાનાની થાપણ કિંમત(ઈએમડી)ની રકમ આરટીજીએસ કે (કોલમ-ઈ જોશો)આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી)લખી, આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., ચોથો માળ, ક્રિષ્ણ કેપિટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત -૩૬૨૦૦૧ ખાતે તા.માર્ચ ૨૮, ૨૦૨૩ના રોજ સાંજે ૪-૦૦ ક્લાક પહેલાં જમા કરાવવી ફરજીયાત છે. ખાસ ધ્યાન આપો કે જો કોઈ કારણોસર બિડરો ઉપર જણાવેલાં સમયગાળામાં તેમની ઓફર રજૂ કરી શકતા નથી તો ટેન્ડરના દસ્તાવેજોની સહીં કરેલી કોપીઓ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., ચોથો માળ, ક્રિષ્ણ કેપિટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત -૩૬૨૦૦૧ ખાતે તા.માર્ચ ૨૮, ૨૦૨૩ના રોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં જમા કરાવી શકે છે. ઈએમડીની રકમ નેશનલ બેંક કે શિડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ-ઓક્શનની તરફેણમાં લખેલ ડિમાન્ડ ડ્રાફ્ટ, પેએબલ એટ જુનાગઢનો બનાવી આપવાનો રહેશે.
નિરિક્ષણ, નિલામીને લગતા નિયમો અને શરતો, ટેન્ડરની રજૂઆત ને લગતી વધુ જાણકારી માટે આપ સંપર્ક આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ. નો ૭૦૨૧૦૭૨૮૬૯ ઉપર કરી શકો છો. અથવા અમારા માર્કેટિંગ ભાગીદાર નેક્ષઝેન સોલ્યુશન્સ પ્રા.લિ.નો સંપર્ક કરી શકો છો.
સત્તાવાર અધિકારી કોઈ પણ જાતના કારણો કે ખુલાસા કર્યા વગર બધી અથવા કોઈ પણ બિડને નકારવાનો સંપૂર્ણ હક પોતાની પાસે રાખે છે.
વેચાણને લગતા વિગતવાર નિયમો અને શરતોની જાણકારી માટે આ વેબસાઈટની https://www.icicihfc.com/ મુલાકાત લેશો.

તારીખ : ફેબ્રુઆરી ૨૫, ૨૦૨૩
સ્થળ : જુનાગઢ
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ

પશ્ચિમ રેલવે

VERIFICATION, ALTERATION, MODIFICATION & VARIOUS OTHER WORKS

Dy. Chief Engineer (Construction) III, Western Railway, Pratapnagar, Vadodara - 390 004, invites e-tender as per the details given as follows: E-Tender No. Dy.CE/C/III/BRC/SMLA-TBA-01. Name of Work : Verification, alteration, modification as per field survey and providing assistance for finalization of award of submitted land acquisition proposal for private land/Government land, Tree enumeration and obtaining forest department's permission for cutting of trees in Railway land and providing & Supplying RCC boundary matam between Samlaya to Timba Road in connection with Gauge conversion project between Samlaya - Timba Road (53.53 Km). Approximate Cost of Work: ₹ 88.30 Lakhs. EMD: ₹ 1,76,700/-. Availability of Online Tender for Bidding: From: 02/03/2023 at 11.00 hrs. To 16/03/2023 up to 15.00 hrs. Date of Opening & Time: 16/03/2023 at 15.30 hrs. Regarding detailed notice containing cost of tender document (non-refundable), EMD, eligibility criteria, Similar Nature of Work, detailed tender conditions, please visit www.ireps.gov.in Manual offers will not be considered.
0894
અમને લાઈક કરો: facebook.com/WesternRly

પ્રતિકાત્મક કબ્જા નોટીસ

ICICI Home Finance
રજીસ્ટર્ડ ઓફીસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૧
કોર્પોરેટ ઓફીસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબીનગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૯
શાખાનું સરનામું : બીજો માળ, ૨૦૬ અને ૨૦૭, નેક્ષસ બિઝનેસ હબ, આગન એપાર્ટમેન્ટની બાજુમાં, પ્રિતમ સોસાયટી નં. ૨ની સામે, મોજમપુર, ભરૂચ-૩૯૨૦૦૧.
શાખાનું સરનામું : પ્લોટ નં.૩૪૨, વોર્ડ નં.૧૨/બી, ઓફિસ નં.૨૦૩, બીજો માળ, રાજકમલ-૨, યસ બેંક પાસે, આઈસીઆઈસીઆઈ બેંક, ગાંધીધામ -૩૭૦૨૦૧
શાખાનું સરનામું : શોરૂમ નં.૨, પહેલો માળ, ઓફિસ નં.બી-૧૨૦, શાંતિનિકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ -૩૮૨૩૫૦.
શાખાનું સરનામું : પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા -૩૮૪૦૦૨.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલકતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારો/સહ દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / પ્રતિકાત્મત કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	શ્રવણકુમાર વિશ્વકર્મા(દેવાદાર) પિંકી દેવી(સહદેવાદાર) LHBRH00001414661	પ્લોટ નં.૬૦, વિશ્વાસ રેસિડેન્સી, તક્ષશિલા સ્કૂલ પાસે, કુવારાડા લિંક રોડ, મોજે-કુવારાડા, બ્લોક નં.૩૨૨, પ્લોટ નં.૬૦ સુરત ગુજરાત-૩૯૪૪૧૦. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૫૯, દક્ષિણમાં પ્લોટ નં.૬૧, પૂર્વમાં રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૩૭. કબ્જા તારીખ : ૨૦- ફેબ-૨૦૨૩	૨૮-૦૯-૨૦૨૨ રૂા. ૫૩,૨૫૦.૦૦/-	ભરૂચ-બી
૨	શ્રવણકુમાર વિશ્વકર્મા(દેવાદાર) પિંકી દેવી(સહદેવાદાર) LHBRH00001414624	પ્લોટ નં.૬૦, વિશ્વાસ રેસિડેન્સી, તક્ષશિલા સ્કૂલ પાસે, કુવારાડા લિંક રોડ, મોજે-કુવારાડા, બ્લોક નં.૩૨૨, પ્લોટ નં.૬૦ સુરત ગુજરાત-૩૯૪૪૧૦. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૫૯, દક્ષિણમાં પ્લોટ નં.૬૧, પૂર્વમાં રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૩૭. કબ્જા તારીખ : ૨૦- ફેબ-૨૦૨૩	૨૮-૦૯-૨૦૨૨ રૂા. ૭,૦૦,૩૬૦.૦૦/-	ભરૂચ-બી
૩	ભાનુ પ્રતાપ સિંઘ (દેવાદાર) LHGDM00001373129	૫૩ એ આર.એસ.નં.૭૭૨, અક્ષરધામ-૨, મોજે-વરસામેડી, તા.અંજાર કચ્છ ૩૭૦૧૧૦ ૭૭૨ અંજાર-૩૭૦૧૧૦. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૫૩ પૈકી યુનિટ-બી, દક્ષિણમાં પ્લોટ નં.૫૪, પૂર્વમાં આંતરિક રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૪૨. કબ્જા તારીખ : ૨૧-ફેબ-૨૦૨૩	૦૯-૦૮-૨૦૨૨ રૂા. ૨૯,૯૪૬.૦૦/-	ગાંધિધામ-બી
૪	ભાનુ પ્રતાપ સિંઘ (દેવાદાર) LHGDM00001373130	૫૩ એ આર.એસ.નં.૭૭૨, અક્ષરધામ-૨, મોજે-વરસામેડી, તા.અંજાર કચ્છ ૩૭૦૧૧૦ ૭૭૨ અંજાર-૩૭૦૧૧૦. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૫૩ પૈકી યુનિટ-બી, દક્ષિણમાં પ્લોટ નં.૫૪, પૂર્વમાં આંતરિક રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૪૨. કબ્જા તારીખ : ૨૧-ફેબ-૨૦૨૩	૦૯-૦૮-૦૨૨ રૂા. ૫,૯૬,૦૪૨.૦૦/-	ગાંધિધામ-બી
૫	ઓમપ્રકાશ ભુસુભાઈ પસી (દેવાદાર)LHAHZ00001372739	૩૦૬ યુનિટ નં.૩૦૬, ત્રીજો માળ, શ્રી મારૂતી એપાર્ટમેન્ટ, મેહસાણા પાટણ હાઈવે, શેરથા ૦૨ અમદાવાદ-૩૮૦૦૦૬. સિમાબદ્ધ : ઉત્તરમાં યુનિટ નં.૩૦૫, દક્ષિણમાં સર્વે નં.૬૮૬, પૂર્વમાં સર્વે નં.૬૮૪, પશ્ચિમમાં યુનિટ નં.૩૦૭. કબ્જા તારીખ : ૨૦-ફેબ-૨૦૨૩	૧૦-૧૧-૨૦૨૨ રૂા. ૧૧,૫૮,૪૧૨.૦૦/-	અમદાવાદ (નિકોલ)-બી
૬	ઓમપ્રકાશ ભુસુભાઈ પસી (દેવાદાર)LHAHZ00001372897	૩૦૬ યુનિટ નં.૩૦૬, ત્રીજો માળ, શ્રી મારૂતી એપાર્ટમેન્ટ, મેહસાણા પાટણ હાઈવે, શેરથા ૦૨ અમદાવાદ-૩૮૦૦૦૬. સિમાબદ્ધ : ઉત્તરમાં યુનિટ નં.૩૦૫, દક્ષિણમાં સર્વે નં.૬૮૬, પૂર્વમાં સર્વે નં.૬૮૪, પશ્ચિમમાં યુનિટ નં.૩૦૭. કબ્જા તારીખ : ૨૦-ફેબ-૨૦૨૩	૧૦-૧૧-૨૦૨૨ રૂા. ૭૧,૫૨૮.૦૦/-	અમદાવાદ (નિકોલ)-બી
૭	ભોઈ રમેશભાઈ કાલિદાસ (દેવાદાર) ભોઈ જયાબેન રમેશભાઈ (સહ દેવાદાર) LHMEH00001352510	૨૮, મહાકાલી મંદિરસ હિંમતનગર ખાતે આર.એસ.નં.૫૦, હિંમતનગર -૩૮૩૦૦૧. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૨૮ પૈકી જમીન, દક્ષિણમાં રોડ, પૂર્વમાં પ્લોટ નં.૨૭, પશ્ચિમમાં પ્લોટ નં.૨૯. કબ્જા તારીખ : ૨૨-ફેબ-૨૦૨૩	૧૨-૧૨-૨૦૨૨ રૂા. ૧૦,૭૪,૮૯૩.૦૦/-	મેહસાણા-બી
૮	ભોઈ રમેશભાઈ કાલિદાસ (દેવાદાર) ભોઈ જયાબેન રમેશભાઈ (સહ દેવાદાર) LHMEH00001355429	૨૮, મહાકાલી મંદિરસ હિંમતનગર ખાતે આર.એસ.નં.૫૦, હિંમતનગર -૩૮૩૦૦૧. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૨૮ પૈકી જમીન, દક્ષિણમાં રોડ, પૂર્વમાં પ્લોટ નં.૨૭, પશ્ચિમમાં પ્લોટ નં.૨૯. કબ્જા તારીખ : ૨૨-ફેબ-૨૦૨૩	૧૨-૧૨-૨૦૨૨ રૂા. ૫૬,૭૦૧.૦૦/-	મેહસાણા-બી

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ફેબ્રુઆરી ૨૫, ૨૦૨૩
સ્થળ : ગુજરાત
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ